# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) સુવેન્દુ અધિકારી આજે પશ્ચિમ બંગાળના ભાજપના પ્રથમ મુખ્યમંત્રી તરીકે શપથ લેશે

2) કૃષિ કાર્યકારી જૂથના પાંચ દિવસીય આંતરરાષ્ટ્રીય સંમેલનનો આજથી મધ્યપ્રદેશના ઇન્દોરમાં આરંભ થશે

3) ગુજરાતમાં પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરે 'સોમનાથ અમૃતપર્વ 2026નો પ્રારંભ

4) અમેરિકાના રાષ્ટ્રપતિએ રશિયા અને યુક્રેન વચ્ચે ત્રણ દિવસના યુદ્ધવિરામની જાહેરાત કરી

5) ઈરાને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં અમેરિકાના પ્રસ્તાવને નકારી કાઢ્યો

6) ફૂટબોલમાં AFC અંડર-17 મહિલા એશિયન કપમાં ભારતે લેબનોનને 4-0 થી હરાવી ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# WB - SWEARING-IN

ભાજપાના સુવેન્દુ અધિકારી આજે પશ્ચિમ બંગાળના ભાજપના પ્રથમ મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે શપથગ્રહણ સમારોહ યોજાશે.

VC- SANDEEPON

અગાઉ ગઈકાલે શ્રી અધિકારીને રાજ્ય ભાજપ ધારાસભ્ય પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં કોલકાતામાં ધારાસભ્ય પક્ષની બેઠક યોજાઈ હતી. બેઠક બાદ શ્રી અધિકારીએ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ આર.એન. રવિ સાથે મુલાકાત કરી રાજ્યમાં પ્રથમ ભાજપ નેતૃત્વવાળી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો. ભાજપે વિધાનસભા ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવી, TMCના 15 વર્ષના શાસનનો અંત આવ્યો.

દરમિયાન શ્રી અધિકારીના વતન પૂર્વા મેદિનીપુર અને તેમના મતવિસ્તાર, નંદીગ્રામમાં ઉજવણીનો માહોલ છવાઈ ગયો. લોકોએ સરઘસ કાઢીને અને ગુલાલ ફેંકીને ઉજવણી કરી.

# WB - AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે પશ્ચિમ બંગાળમાં ભાજપ સરકાર દેશની સરહદો સુરક્ષિત કરશે અને રાષ્ટ્રીય સુરક્ષામાં સૌથી મોટી ખામીને દૂર કરશે. ગઈકાલે કોલકાતામાં નવા ચૂંટાયેલા ભાજપ ધારાસભ્યોને સંબોધતા શ્રી શાહે

જણાવ્યું હતું કે ભાજપનો વિજય સંગઠનનો વિસ્તાર કરવા કે તેની વિચારધારાને સમર્થન આપવાનો નથી, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત બનાવવાનો છે.

તેમણે કહ્યું કે આસામ, ત્રિપુરા અને હવે પશ્ચિમ બંગાળમાં ભાજપની સરકારો સરહદોને મજબૂત અને સુરક્ષિત કરશે. તેમણે રાજ્યમાં ઘૂસણખોરી અને ગાયની તસ્કરી રોકવાની પણ વાત કરી.

ગૃહમંત્રીએ પક્ષના કાર્યકરોને "સોનાર બાંગ્લા" બનાવવા અને લોકોની આકાંક્ષાઓ પૂર્ણ કરવા હાકલ કરી. તેમણે "તુષ્ટિકરણની રાજનીતિ" ને નકારી કાઢવા અને TMCના 15 વર્ષના શાસનનો અંત લાવવા બદલ પશ્ચિમ બંગાળના મતદારોનો આભાર માન્યો.

## BRICS AGRICULTURE MEET

બ્રિક્સ શિખર સંમેલન 2026 અંતર્ગત કૃષિ કાર્યકારી જૂથના પાંચ દિવસીય આંતરરાષ્ટ્રીય સંમેલનનો આજથી મધ્યપ્રદેશના ઇન્દોરમાં આરંભ થશે. બ્રાઝિલ, રશિયા, ચીન, દક્ષિણ આફ્રિકા, સાઉદી અરેબિયા, ઈરાન, ઇન્ડોનેશિયા અને મલેશિયા સહિત 21 દેશોના કૃષિમંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, વૈજ્ઞાનિકો અને નીતિ નિર્માતાઓ આ સંમેલનમાં ભાગ લેશે. કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણના જણાવ્યા અનુસાર આ દેશોમાં વિશ્વના આશરે 68 ટકા ખેડૂતો છે.

આ સંમેલન બે તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કો આજથી શરૂ થશે અને 11 જૂન સુધી ચાલુ રહેશે. આ સમયગાળા દરમિયાન, વરિષ્ઠ અધિકારીઓ ખાદ્ય સુરક્ષા, સ્માર્ટ ખેતી, આબોહવા પરિવર્તન અને ખેડૂત કલ્યાણ જેવા મુખ્ય વિષયો પર ચર્ચા કરશે.

# JAISHANKAR-GUYANA

વિદેશ મંત્રી એસ જયશંકરે ગયાનાના આરોગ્ય મંત્રી સાથે મુલાકાત કરી ભારત-ગયાના આરોગ્ય સંબંધોમાં પ્રગતિ અંગે ચર્ચા કરી. કેરેબિયન દેશની તેમની ત્રણ દિવસીય મુલાકાત દરમિયાન ડૉ. જયશંકરે ગયાનાના જ્યોર્જટાઉનમાં આરોગ્ય મંત્રી ડૉ. ફ્રેન્ક એન્થોનીને મળ્યા.

# SOMNATH AMRITPARV

ગુજરાતમાં આવેલા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરના પુનર્નિર્માણની 75 વર્ષ પૂર્ણ થયા નિમિત્તે 'સોમનાથ અમૃતપર્વ 2026નો ગાઈકલથી સત્તાવાર આરંભ થયો છે. પાંચ દિવસીય ઉજવણીએ મંદિર પરિસરને વૈદિક મંત્રોચ્ચાર અને દૈવી ઊર્જાના કેન્દ્રમાં પરિવર્તિત કરી દીધું છે,

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ સાંભળીએ..

## VC – અપર્ણા ખૂંટ

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## RUSSIA-UKRAINE CEASEFIRE

**અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા અને યુક્રેન વચ્ચે ત્રણ દિવસના યુદ્ધવિરામની જાહેરાત કરી છે. આ કામચલાઉ યુદ્ધવિરામ આજથી 11 મે સુધી ચાલશે જે દરમિયાન બંને દેશો વચ્ચેની તમામ લશ્કરી કાર્યવાહી બંધ રહેશે.**

**રાષ્ટ્રપતિ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમણે પોતે આ પ્રસ્તાવ રજૂ કર્યો અને તેમાં બંને પક્ષો તરફથી એક એક હજાર કેદીઓની સોંપણીનો સમાવેશ થશે. તેમણે એમ પણ કહ્યું હતું કે યુદ્ધને કાયમી ધોરણે સમાપ્ત કરવા માટે વાટાઘાટો ચાલી રહી છે.**

**આ યુદ્ધવિરામ રશિયાના વિજય દિવસ સાથે સુસંગત છે, જે દર વર્ષે નવમી મેના રોજ ઉજવવામાં આવે છે. આ દિવસ બીજા વિશ્વયુદ્ધમાં નાઝી જર્મની પર સોવિયેત સંઘના વિજયની યાદમાં ઉજવવામાં આવે છે. જો કે, વર્તમાન**

પરિસ્થિતિને કારણે, કેડેટ્સ અને લશ્કરી સાધન સામગ્રી વળી ટુકડીઓ આ વર્ષે લશ્કરી પરેડમાં ભાગ લેશે નહીં.

## REV. IRAN-US CONFLICT

ઈરાને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં અમેરિકા દ્વારા સમર્થિત ઠરાવ પ્રસ્તાવને "ત્રુટિપૂર્ણ" અને "રાજકીય રીતે પ્રેરિત" ગણાવીને નકારી કાઢ્યો છે. આ ઠરાવ હોર્મુઝ સમુદ્રધુનીમાં જહાજોની સલામતી સંબંધિત હતો. ઈરાને તેને તેના આંતરિક બાબતોમાં દખલગીરી અને અમેરિકાના હિતો માટે હોવાનો ગણાવ્યો છે.

ઈરાને સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશોને પ્રસ્તાવિત ઠરાવને સમર્થન ન આપવા અપીલ કરી છે.

અમેરિકા, બહેરીન, સાઉદી અરેબિયા, UAE, કુવૈત અને કતાર દ્વારા સમર્થિત ડ્રાફ્ટ ઠરાવનો હેતુ હોર્મુઝ સમુદ્રધુની દ્વારા અવરજવરને સરળ બનાવવાનો છે. અમેરિકાએ ઈરાન પર વાણિજ્યિક જળમાર્ગોને અવરોધિત કરવાનો અને દરિયાઈ વાહનવ્યવહારને ખોરવવાનો આરોપ મૂક્યો છે.

દરમિયાન ઈરાનની સેનાએ કહ્યું કે અમેરિકન સંરક્ષણ દળોએ UAEના કુજૈરાહ બંદર નજીક એક ઈરાની તેલ ટેન્કર અને અન્ય જહાજને નિશાન બનાવ્યું હતું. પશ્ચિમી તેહરાન પર ઈરાની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ પણ સક્રિય હતી. અમેરિકી સૈન્યએ કહ્યું કે તેની નૌકાદળને હોર્મુઝ સમુદ્રધુનીમાં ઈરાની દળો દ્વારા મિસાઇલ, ડ્રોન અને ઝડપી બોટ હુમલાઓનો સામનો કરવો પડ્યો.

# IMD-WEATHER

હવામાન વિભાગે આગામી બે દિવસ કેરલમ, માહે, લક્ષદ્વીપ, દક્ષિણ આંતરિક કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી કરી છે. પૂર્વી ઉત્તરપ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, મરાઠવાડા, ઉપ-હિમાલયથી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશમાં પણ વીજળી પડવાની આગાહી છે.

ઓડિશા, રાયલસીમા, તેલંગાણા, કોંકણ, ગોવા, દરિયાકાંઠાના કર્ણાટક, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં પણ આવી જ સ્થિતિ રહેવાની શક્યતા છે. ગુજરાત અને પશ્ચિમ રાજસ્થાનમાં ગુરુવાર સુધી ગરમીનું મોજું ફરી શકે છે. વિભાગે આવતીકાલ સુધી દેશના પશ્ચિમ અને ઉત્તરપશ્ચિમ ભાગોમાં મહત્તમ તાપમાનમાં બે થી પાંચ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી કરી છે.

# U-17 ASIAN CUP FOOTBALL

ફૂટબોલમાં ભારતે ગઈકાલે ચીનના સુઝોઉમાં લેબનોનને 4-0 થી હરાવીને AFC અંડર-17 મહિલા એશિયન કપની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરીને ઇતિહાસ રચ્યો. ભારતની પ્રીતિકા બર્મને બે, અલ્વા દેવી સેંજમે અને ઝોયાએ એક એક ગોલ કર્યા. આ ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં પહોંચવાથી ભારત 2026 ફિફા અંડર-17 મહિલા વિશ્વ કપમાં પ્રવેશ મેળવશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રીટા દવે

- તામિલનાડુમાં સરકાર રચવા માટેની કશમકશ, પશ્ચિમ બંગાળમાં આજે થપથગ્રહણ અને ઇરાન અને યુએસના સૈન્ય વચ્ચે થયેલા સામસામા ગોળીબારમાં સલાયાના માછીમારના મોતના સમાચાર તમામ અખબારોમાં વાંચવા મળી રહ્યાં છે.
- ગુજરાત સમાચારે લખ્યું છે કે તામિલનાડુમાં ફિલ્મી ડ્રામા, બંગાળમાં આજે સુવેન્દુના શપથ
- સંદેશ લખે છે કે "સુવેન્દુ પશ્ચિમ બંગાળના નવા અધિકારી" જ્યારે દિવ્ય ભાસ્કરે સુવેન્દુ બંગાળના અધિકારી આ મથાળું આપેલ છે.
- સંદેશ ટાંકે છે કે "હોર્મુઝમાં ઇરાનનારોકેટ મારાથી ગુજરાતી જહાજ ડુબ્યુ એક મોત - 17નું રેસ્ક્યુ"
- રાજ્ય અને સ્થાનિક સમાચારમાં ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં કાર્તિક પટેલની અરજીને ફગાવાઇ, અમદાવાદના વટવા હત્યા કેસમાં 34 વર્ષ બાદ ભેદ ઉકેલાયો વિવિધ સમાચારો જોવા મળ્યા છે. મૃતક મહિલાના ડીએનએ મેચ થતા ચાર સામે ફરિયાદ, યુજીસી –નેટની પરીક્ષા માટે 20મે સુધી રજીસ્ટ્રેશન કરી શકાશે આ સમાચાર વાંચવા મળી રહ્યાં છે, જ્યારે રમતજગત સમાચારમાં આજે જયપુરમાં ગુજરાત ટાઇટન્સનો મુકાબલો રાજસ્થાન રોયલ્સ સાથે થશે.